

મોક્ષપ્રાપ્તિ

શ્રી પરમગુરૂને નમઃ ॥

"આદ્ય પુરૂષ અવિનાશી. જેનો નાશ નથી; અને જેને દેહ ધર્યો તેને અવીનાશી કહેવાય નહિ." સત છે તેનો નાશ નથી અને તેનું નામ નથી. તે વસ્તુ સતકેવલ કહેવાય છે. મૃત્યુ લોકમાં તેનું નામ આવતું નથી. નામનો નાશ થઇ બ્રંહ્મના ભાસે દેહ ધર્યો છે. એ દેહ ધર્યો છે તેને પરમેશ્વર કરી માને છે. એનાથી કાંઇ બનતું નથી. જાણુ વસ્તુ હંસની ગતીમાં રહેલી છે. એ હંસ તે ભરમના ભાસથી નોંખો હંસ છે. એ હંસ પોતાનાં ચક્ષુ પોતાના સ્વરૂપમાં મેળવે તો કેવલ રુપ થાય. હવે પોતે પોતાની ભુલથી બ્રંહ્મના હંસને રામ ઠરાવ્યો છે. એ ભુલ ભાગનાર પોતાના સ્વરૂપમાં મળી ગએલા છે. એવા જે સત ગરૂ સ્વામિ આજ હૈયાત હોય તેવા ગુરૂ આજે છે. પણ તે ઓળખી શકાતા નથી. બીજા ઢોંગી ગુરૂ અનેક છે. તેના બોધથી કદી ભૂલ ભાગનાર નથી. કારણ કે પોતે પોતાની ભુલમાં ભમે છે. તો બીજાને કેવી રીતે સુધારે. એવા ઢોંગી ગુરૂઓએ ભરમાવી બ્રહ્મના હંસને ભજાવ્યો છે તેને કૃષ્ણ ઠરાવ્યો છે. અને તેને નિરંજન ભગવાન પણ ઠરાવ્યો છે. રામ રૂપે શ્વાસ કહેવાયો અને શંકર રૂપે અહંકાર કહેવાયો અને વિષય રૂપે વિષ્ણુ કહેવાયો અને નિરંજન રૂપે નીજની કયા બંધાઇ. બ્રહ્મારૂપે મન કહેવાયું અને શક્તી તો પોતાની કહેવાઇ, એટલે દેવ ૐ વડે શક્તિ અને શક્તિ વડે હનુમાન કહેવાયા એટલા દેવ કાયામાં આવ્યા ને બહાર દર્શાવ્યા અને તેમનાં નામો પાડી જીવોને વળગાડયા. દેવ બેસાડનારને જાણુ નથી. તો બીજા માણસો દરશન કરશે તેમનું ભલુ શી રીતે થશે ? માટે હે જગતના જીવો, જાગતા ને મેલીને આંધળાને પૂજો છો

તો તમારૂં ભલું શી રીતે થશે ? બ્રાહ્મણ લોકો પથરાને મંત્ર આ વાહન કરી પધરાવે છે. તે તમારુ ભલુ પથરો કરશે કે શું જ ? માટે હે જગતના મુમુક્ષુઓ ગુરુની જ પૂજા કરો જેથી તમારાં ભવસંકટ કાપી તમને મુકતી આપે, ગુરુ કરવા તે પણ જોઇને કરવા કે સંસારમાં આસકત ન હોય અને ઇંદ્રી જીતેલા હોવા જોઇએ. અને પંચ વિષય-થી રહીત હોવા જોઇએ કે જેથી તે તમને પરિપૂર્ણ ભવપાર ઉતારશે. કોઇ રામને વળગ્યો તો કોઇ કૃષ્ણને વળગ્યો, કોઇ શકતી શંકરને તો કોઇ વિશ્નુને, કોઇ નિરંજનને વળગ્યો પરંતુ એ બધા દેવથી કાંઇ કૈવલ્ય મુકતી આપી શકવાની નથી. તે આપનાર તો શ્રીમત્ પરમગુરૂ જ છે. શાસ્ત્રના પઠન પાઠનથી પાપ પુણ્યના રસ્તાઓ ખુલ્લા થાય છે. જેથી જગતના જીવો, ધર્મ આચરણ કે પુણ્ય મેળવવાના રસ્તે ચઢે છે. પરંતુ તે મુકતાને રસ્તે નહિ ચઢવાથી જીવનાન્તે મુક્તી પામતા નથી તેમને તો પાપ પુણ્ય ભોગવવા પાછું સંસારમા ગર્ભયોની દ્વારા દેહ ધારણ કરવો પડે છે. આશક્તિ રહીત જે પુણ્ય કરે છે તે પામે છે. પોતાનો આત્મા જાણી જે બીજાઓને પુણ્ય કરે છે તે જીવન મુક્ત છે. મનમા કદી પણ સ્વાર્થ દ્રષ્ટી રાખવી નહી સ્વાર્થી જીવો આ દુનિયાના લોકોને ભરમાવી જ્યાં લેખે ના થાય ત્યાં પુણ્ય કરાવે છે અને જમેલાને જમાડે છે. માટે આમ કરવાથી તેની આશીષ કદી મલતી નથી. નિરાધાર અથવા તો એવા કોઇ ભુખ્યાનેજ ભોજન આપીએ તો તેની આશીષ થાય છે. જ્યાં જોઇએ ત્યાં પોતે આપે અને પોતે લે, એવું જાણી જે પુણ્ય વર્તમાન કરે એ મુકતીનું ઘર છે. અખંડ સ્વરૂપ છે. તે કૈવલ્ય કહેવાય છે. કૈવલનુ હથીયાર હંસ છે અને હંસનું હથિયાર મન છે અને મનનું હથયાર શ્વાસા છે. અને શ્વાસનું હથયાર, પંચતત્વ છે અને પાંચ તત્વનું હથિયાર દશ ઇંદ્રિયો

તથા દશ ઇંદ્રિઓનું હથીયાર, પચીસ પ્રકૃતીઓ છે. અને પચીસ પ્રકૃતિનેક અહંકાર રુવે રૂવે વ્યાપક છે. એ પ્રમાણે જ્યારે ઉર્ધ્વગતી થાય ત્યારે અહંકાર તે પચીસ પ્રકૃતિમાં મળી જાય છે. અને પચીસ પ્રકૃતિ દશ સમાઇ જાય છે. મનશ્વાસામાં સમાઇ જાય છે. અને શ્વાસા બ્રહ્મમાં ઇંદ્રીયોમાં સમાઇ જાય છે. એ પ્રમાણે હે જગતના જીવો સઘળી બ્હાર વૃત્તિઓ સમેટી લઇ અંતર પ્રદેશે લીન થાય ત્યારે હંશ સ્વસ્વરૂપે થઇ કૈવલ્યમાં ભળેછે. માટે આ પ્રમાણે પોતાની બહાર ભમતી વિષયી વૃત્તિઓને સંકેલે નહી ત્યાં સુધી કોઇ કાળે તેની મુકતી થનાર નથી. માટે એજ મુકિત મેળવવાને સાચો અને સીધો રસ્તો છે. એ શિવાય પ્રપંચીક નવધા ભક્તી કરી ગમે તેટલી દેવ પૂજાઓ આચરે અને માયીક ફળના આશા રાખે તેથી કાંઇ મુકતી મળનાર નથી એ નીરવિવાદ છે. કોઇને એમ શંકા થાય કે હંસને કૈવલ્ય જુદા હશે? ત્યારે ઉત્ત માં એટલુંજ કે સ્વરૂપે જુદા નથી સ્વજાતીય છે. જેમકે મંદાની પુતળી મીઠામાં મળી જાય તેમ હંશ કૈવલ રુપ થાય. બાપ અને દીકરાને ફેરફાર એટલો કે બાપની ગાઝ દીકરાને અને દીકરાની દાઝ બાપને એ પ્રમાણે આચરણ રાખી કૈવલ્ય પીતાનું વર્તમાન કરે તો તેમનામાં અને કઇવલ્યમાં ફેરફાર નથી. સર્વત્ર રુપ પોતાનું ન જાણ્યું ત્યાંથી ન જાણતો ફેરફાર છે. અનેક ઘાટમાં પોતાનોજ આત્મા રમી રહેલો છે. એવી જેને જાણ છે, તેણે બધી વાતની સમાન છે. અને નથી જાણતો તેને ફેરફાર છે. ન જાણતો સંસાર અને ન જાણતું નામ ઉપર જેટલા જીવ દોડયા તે પોતાના ઘાટમાં રહી મન સામા સામી રહી ખેંચાખેંચ કરે છે. અને જેણે બધી બાબતની જાણ થઇ છે તેને મતામત નથી હોતો તેમજ તેને હું તું રહેતું નથી ત્યારે હાનામાં ઘી જગત કુટાઇ મરે છે. હું તુંમાં બધી જગત કુટાયા કરે છે. હું તું

નથી ત્યાં પોતે કૈવલ્ય છે. હું તુંમાં આખી ખલક છે. હું તુંનો વિસ્તાર ક્યારે આવે કે જ્યારે હું તું મટી જાય ત્યાં ખલકનો નિસ્તાર આવે છે.

સાખી.

અમર વેલ આકાશ ફળ વણવાએલકાં દુધ
વાંઝીયાયાકું પારણું ઝુલે પૂલ.

કૈવલ પ્રભુ સિવાય હંસનો કાંઇ પિતા નથી અને જે બાપ બેટાનો વહેવાર ચાલે છે તે સંસારનો માયિક પંચ ભૌતીક શરીર સાથેનો વહેવાર છે. અજ્ઞાની જીવ મારૂં તારૂં કરી અંતે કાળને આધીન થાય છે. હંસ કોઇનો છોકરો કે દીકરી નથી પરંતુ તે આ અવની ઉપર મુસાફરી કરવા માટે અમુક મુદત માટે આવ્યો છે. અને પોતે પોતાની વાસનામાં બધાયો છે. અને એ રીતે અનેક પ્રકારનાં દુઃખ ભુક્તમાન કરે છે. અને અહર્નીશ ત્રંબીધી તાપમાં તપ્યા કરે છે માટે હે જગતના જીવો વાસના રહીત થઇ પોતાનું સ્વરુપ અરૂપમાં મીલાવે તે જીવતાં મુક્ત પદ પાવે, સાહેબ ગુરુ કુવેરના ચરણમાં રહી દાસ કેશવ બોલ્યા વાણી માટે એ વાણી અનુસાર જે કોઇ વર્તમાન કરશે તે નર હંસ મુક્ત થઇ અનંત સુખ સાગરમાં સુખ ભોગવશે. ઉપર પ્રમાણે બધી મોક્ષગતીની વીધી લખેલી છે, તેની ક્રીયા કરવાનું નીચે મુજબ બતાવીએ છીએ. પ્રથમ આહાર, મૈથુન અને નિદ્રા એ ત્રણપર સંપૂર્ણ કાબુ મેળવવો જોઇએ આહાર સવારના પહોરમાં સવાપાશેર દરરોજ લેવો જોઇએ એકાન્ત જગ્યા કે જ્યાં આગળ કાંઇ સંચાર કે ગરબડ થાય નહિ મનનું સાવધાન પણ કાયમ રહે એવા જગ્યાએ ગુપ્ત આસનવાળી બેસવું ત્યાર પછી દશ ઇંદ્રિ, અગીઆરમું મન, તથા પચીસ પ્રકૃતિ સમેત છત્રીસ તત્વની એકયતા કરવી, મન સુરતા, અને સ્વાસાને નાસીકાના અગ્ર ટેરવા ઉપર ત્રણેને ઠેરવવાં સુરતા વડે શ્વાસને પારખી લે ત્યારે

મન શ્વાસમાં સ્થીર થઇ જાય છે. તેથી સંકલ્પ વિકલ્પની નાસ્તી થઇ જાય છે. ત્યારે હંસ એકલો ન્યારો રહે છે. હવે નાભીથી શ્વાસા એની મેળે ઉઠી દશમે દ્વારે ચઢી આવી નાસીકામાં રહીને બહાર નાભી સામો જાય ત્યારે શ્વાસા બાવન આંગ થઇ રહે છે. નાસીકાના ટેરવા ઉપર સુરતા ઠરે છે. ત્યારે સુરતા સ્વાસાને પારખી પાંચ રંગ જુવે છે. કાળો, ધોળો, રાતો, પીળો, લીલો એ પાંચ રંગ શ્વાસા વડે દર્શી લે છે. ત્યાર પછી નાભી સામે શ્વાસાના ટેર ઉપર સુરતા ઠેરવવાનો અભ્યાસ પાડવો, જેથી સુરતા શ્વાસાના ટેર ઉપર ઠરશે એટલે જે કેવલ કહીએ છીએ તે દ્રશ્યમાન થવા માટે ગુદા આસનવાળી છ માસ સુધી એક ચીત્તથી આંખનો પલકારો પણ પડે નહિ એ રીતે બેસવું. આ શરીરમાં એક દીવસમાં એકવીશ હજાર છસો અજંપા શ્વાસાના ઉપડે છે એ શાસ્ત્રોક્ત છે. એ શ્વાસાના અજંપા છ માસ સુધીમાં ધીમે ધીમે શાન્ત પાડી દેવા. એ પ્રમાણે ધીમા પડે ત્યારે, શ્વાસા એની મેળે ઉઠે ત્યારે તે શાન્તી રૂપે શ્વાસા ચઢવા દેવો, તે દશમે દ્વાર જાય ત્યાર પછી ત્યાંથી પાછા સમાતાં સમાતાં નીચે ઉતરવા દેવો. એ પ્રમાણે અડધા કલાકની અંદર ચઢી અને ઉતરી રહે એટલો શાન્ત પાડી દેવો.

ત્યાર પછી શ્વાસના ટેર ઉપર કેવલ સ્વરૂપ ખડુ થાય છે. એ કેવલ સ્વરુપ અને તેમની ઐક્યતા થાય ત્યારેજ જન્મ મરણ મટી જાય છે. આ પ્રમાણે આત્મજ્ઞાન આ સૃષ્ટિ ઉપર શ્રીમત્ કુબેર સાહેબ થઇ ગયા તે બતાવી ગયા છે. અને અજ્ઞાન અનાદી કાળનું છે.

આગળ અવતારી પુરૂષ મોટા ઇશ્વરી થઇ ગયા છે. તે પોતે પોતાના નામનું સ્મરણ કરાવી ગયા છે પોતે પોતાના સ્વાર્થનું નામ આ જગતના જીવો પાસે કઢાવ્યું. નામી-વસ્તુ ભજાવી. પણ અનામી

વસ્તુનો ભેદ કોઇએ બતાવ્યો નહી. અને સત્ય અને અનાદીના જે કેવલ પ્રભુ તેમને બતાવ્યા નહી, આ સૃષ્ટિ ઉપર શ્રીમત્ પરમગુરૂ કુબેર સાહેબે સારસાપુરીમાં અવતાર ધારણ કરી અને આ અલૌકીક આત્મા પરમાત્માને લક્ષભેદ બતાવી અનાદી કાળથી ગુપ્ત રાખેલો કેવલ પ્રભુની ઐક્યતાનો લક્ષ જગજાહેર કરી સર્વને વીદીત કર્યો છે. અને કૈવલ ધણી જે અનાદીના અનંત બ્રહ્માંડ રચનાર પિતાને ઓળખાવ્યા. અને અનંત આત્મા અંશોને ભવસાગર રૂપી દુઃખથી ભરેલા સમુદ્રમાંથી ઉદ્ધારી વળ વિનાના જે કૈવલ પિતા તેમની સાથે પોતાના આપેલા લક્ષે કરીને ઐક્યતા કરી અનંત દીવ્ય સુખાપભોગ લેતા કરી દીધા છે. માટે એવા નિસ્વાર્થી પરમગુરૂ કે જે આ પૃથ્વી ઉપર પોતાના અંશોના દુઃખસંકટ રૂપી તીમીરનો નાશ કરવાનેજ અવતાર ધારણ કરી પોતાના જ્ઞાન ભાનુનો ઉજ્વલ પ્રકાશ સર્વત્ર મુમુક્ષુઓ ઉપર પાડી દીવ્ય સુખ આપે છે. એવા પરમગુરૂને શરણુ તન મન અને ધન સમર્પણ કરી રહેવુંજ સુખદાયક છે. અને એમના લક્ષગ્રાહી સંતપુરૂષો જે આજે હયાત છે તેમનો આપેલો લક્ષ સ્વ આચરણમાં ઉતારશો તોજ આ ભવસાગરના જન્મ મરણરૂપી અસાધ્ય વ્યાધીનો અંત આવે છે. માટે એવા તદાકાર રૂપે થએલા સંત પુરૂષોની સેવા કરી તેમનો આપેલો બોધ ગ્રહણ કરી ગુદા આસન વાળી આપેલો લક્ષ લઇ ભજનમાં બેસવું. એ પ્રમાણે બેસતાં છ માસ પુરા થતા પાંચ દિવસ અગાઉ પહેલે દીવસે જો ગુરૂ ઘટમાં વસ્યા હશે તો તેમનાં દર્શન સન્મુખ થશે. બીજે દિવસે શ્વાસાની અંદર રહેલા પાંચ પ્રકારના રંગ કાળો, ધોળો, રાતો, પીળો, લાલો એ પ્રમાણે અનુક્રમે જુદાજુદા દ્રષ્ટિએ પડશે. ત્યાર પછી વાદળી રંગનો ગોળો ખડો થાય છે. ત્યાર પછી ગોળાકાર સફેદ ભાસ દેખાય છે. ત્યાર પછી પાંચમે દિવસે

કાળા ગોળાના જેવી જોત નીરંજનની ખડી થાય છે. અને તેની અંદર ધીમે ધીમે અનંત પ્રકારના રંગ પ્રકાશ થાય છે. તે શમી ગયા પછી તેજ પ્રકાશમાન થાય છે. એ એવું તો દીવ્ય તેજ હોય છે કે કોટી સૂર્યનું તેજ એકઠું કરીને જોઇએ તે કરતાં પણ અધિક તેજયુક્ત કૈવલ પ્રભુનો પ્રકાશ છે. ત્યારે કૈવલ હંસ તે કવલ પ્રકાશમાં મળી જાય છે. જ્યાં સુધી આ જગતના જીવો આ ઉપરોક્ત ક્રીયા નહી કરે ત્યાં સુધી જન્મ મરણનો ફેરો મટવો મુશ્કેલ છે. ર સારાં નરતાં ક્રીયમાણ કરવાથી પાપ પુણ્ય ભેગુ થાય છે જેથી પંચતત્વના દેહે સુખ યા દુઃખ મુક્તમાન કરશો પરંતુ જન્મ મરણ રૂપી મોટા દુઃખને દુર કરી શકશો નહી. માટે હે જગતના મુમુક્ષુઓ, અહંકાર, લોભ, મોહ, મદ, અભિમાન, માયા, મમતા, માન, બડાઇ, વાદવિવાદ, મૈથુન, નિદ્રા, અનેક જાતના પ્રપંચો, અનેક પ્રકારની લીંગ વાસના વિગેરે અંતરના રિપુઓને કાઢી નાંખવા ત્યાર પછી બહાર વૃત્તિઓને અંદર સમેટી, ધર્મની વૃત્તિ રાખી,સમજણ રૂપી શાન્તીના ઘરમાં રહી પોતાનુ હૃદય બાળકના હૃદય પેઠે કોમળ કરી આ પુસ્તકમાં જે પ્રમાણે ધ્યાન વિધિ આપેલી છે તે પ્રમાણે કરી આત્મા પરમાત્માનો મેળાપ કરશે તે જીવન મુક્ત થશે. પરમગુરૂ કરૂણાસાગર મહારાજ થઇ ગયા લક્ષગ્રાહી જે સંતપુરૂષો આજે હયાત છે તેમને પોતાના ગુરૂ કરી જે લક્ષ આપે તે વિચાર પૂર્વક અમલમાં મુકવો અને નીત્યધ્યાન કરી સંતસમાગમ કરતા રહેવું જેથી મુક્તીનું ખરૂં સાધન પ્રાપ્ત થાય છે. એ શિવાયની જે ભક્તિ કરે છે તેથી મોક્ષ થઇ શકતો નથી, એવી ઉપર ઉપરની ભક્તિ ઘણા પ્રકારની હોય છે. કોઇ જીવ દેવનાં દર્શન કરી મોક્ષ માને છે. કોઇ જીવ સ્નાન કર્યાથી મોક્ષ માને છે. કોઇ જીવ રાગરાગણી ગાઇ મોક્ષ થાય એ માને છે. કોઇ જીવ નાચગાન કરી મોક્ષ

માને છે. કોઇ દેવ પરણાવી મોક્ષ માને છે. કોઇ ભૂખ્યા રહીને મોક્ષ માને છે. કોઇ ગાયને જવ ખવડાવી તેના છાણમાંથી જવ કાઢી તેનું ફરાર કરી ખાય છે. તેથી મોક્ષમાને છે. કોઇ પુણ્ય કરી મોક્ષમાને છે. કોઇ નદી સરોવરની પ્રદક્ષિણા કરી મોક્ષ માને છે. કોઇ તીર્થયાત્રા કરી તો કોઇ યજ્ઞયાગાદીક કરી, તો કોઇ દેવ સેવાએ કરીને મોક્ષ મળશે એમ ઇચ્છે છે. આવી રીતે પરોક્ષ આશા રાખી મોક્ષ થવાની આશા અંતરમાં દ્રઢીભૂત કરે છે. પરંતુ દેહ છતાં જાણતા નથી કે હું મુક્ત છું કે બંધન આ પ્રમાણે આચરણ કરવાથી પુણ્ય થાય છે જેથી માયીક સુખની પ્રાપ્તી થાય છે પરંતુ મોક્ષ પામી શકાતું નથી. કેટલાક સમજ વગરના જીવો સંસાર છોડી સાધુ થાય છે, એવી ઇચ્છાથી કે સંસાર છોડી સાધુ થઇશું તો મોક્ષ મળશે પરંતું તે સમજ વગરના અથવા તો મનના ત્યાગ નિશ્ચય વગર ઉભય ધર્મ ભ્રષ્ટ થઇ એમાંથી એક તરફ રહેતા નથી. જે મનથી સાધુ થાય છે. તે મન હંમેશાં દેહ સુધી રહેતું નથી એ મનથી નહી કરવા જેવા કામ તે કરે છે. અને સંસારમાં રહી જે કામ કરવાનું હતું તે કામ સાધુ થઇ કરવું પડ્યું. તો એવો ધર્મ સાધુ પુરૂષોનો હોતો નથી. મનના ખરા ત્યાગ વગર મનથી જ ખરા નિશ્ચય વગર સાધુ થઈ શકાતું નથી અને કદાચ કાચા મનના વિચારથી સાધુ થાય તો વાસનાનો ક્ષય નહીં થવાથી ખોટાં કૃત્ય કરવાં પડે છે. સાધુ પુરૂષોએ આહાર, નિદ્રા તથા દશે ઇંદ્રી તથા અગીઆરમું મન વિગેરેને અંકુશમાં રાખી ધ્યાનસ્થ થઇ પોતાનું સ્વરૂપ અરૂપમાં મેળવી શાન્તીના ઘરમાં રહી ઉપાધી માત્રમાંથી દુર રહેવું જોઇએ. તથા સામાને બોધ કરવો એ સાધુ પુરૂષનો ધર્મ છે. સાધુ થઇને ઉપાધીમાં રહ્યા તેથી પોતાનું સાધન જે મોક્ષ મેળવવો તે થઇ શકતું નથી. મનને વાસનામાં ડુબાવી

રાખવાથી કદી આત્મ લક્ષ જાગૃત થતું નથી. જે જીવ દુઃખનો માર્યો સાધુ થયો પણ દુઃખ તો આગળનું આગળ રહ્યું તેથી મુક્ત થવાતું નથી. જગતને રીઝવવા માટે ક્રીયમાણ કરે છે. પણ પોતાની મોક્ષ ગતિ જાણતો નથી. અને ક્રીયમાણ અવળ થવાથી પોતે બંધન પામે છે અને સામાને તેમાં નાંખે છે. માટે પોતાનાં બંધન છુટતાં નથી. તો બીજાને શી રીતે બંધનમાંથી મુક્ત કરશે. તેમાં વળી કેટલાક સાધુ મંત્ર તંત્રના સાધને કરીને સામા જીવોને ચમત્કાર બતાવે છે પોતાના તરફ વરગાડી રાખે છે અને ધન સંપતિ હરણ કરી સંચય કરે છે. કેટલાક સભામોહીનીનું સાધન ભજન કરી સામાનું મન લલચાવે છે. અછે ખરો રસ્તો નહીં બતાવવાથી તેને કાળના મુખમાં ધકેલે છે. માટે આ પ્રમાણે આ દેહેનામ કાઢ પોતાનો ઉદર ભરવાનો ઉપાય કરે છે પરંતુ મુકત થવાના માર્ગે જતા નથી. કેટલાક મુમુક્ષુ વર્ગ આવા સાધુઓ પાસે ચમત્કાર કરી બતાવવાનું માગે છે, પરંતુ ખરી રીતે મોક્ષનો રસ્તો તદ્દન અળગો રહી જાય છે. અને મોત પામવાનું કીંચીત શ્રેય સરતું નથી. માટે હે જગતના જીવો સંસાર તો સ્વાર્થનોજ છે. આખરે નીરાશ કરી પોતા મુકાવે છે. માટે પાણી પહેલી પાળ બાંધવાથી એવી વેળા કદી આવતી નથી. સાચા સંત ગુરૂની સેવામાં નીશદીન રહેવાથી મહા સુખની પ્રાપ્તી થાય છે. અને આનંદમાં મુક્ત ઘર પામે છે. હે જગતના જીવો, ગુરૂપદ ઉત્તમમાં ઉત્તમ છે. આગળ કૃષ્ણ તથા રામ, શંકર, વિશ્નુ વિગેરેના આદિમાં સર્વેને માથે ગુરૂ હતા તેમણે પોતાના ગુરૂનો લક્ષ લીધો હતો. પુરાતન વખતમાં થોડા ભણેલા પુરૂષોનો પણ મોક્ષ થયો હતો હતો કારણ કે તેઓ ગુરૂ પાસેથી સત્ કૈવલનો બોધ ગ્રહણ કરી દાસપણે સેવા કરી મુકત થયા તે સત ગુરૂ સંતનાં દર્શન કરી પ્રસાદ લેતા. સંત સાધુને

જમાડી જમતા, અને સંતની સેવા તથા સંતનો સમાગમ કરી આત્મ લક્ષ લઇ ભજન કરી મુક્ત થતા. તેઓ સંતને પરમાત્મારૂપ માનતા હતા. અને દયા ને ધર્મનું આચરણ રાખી વર્તમાન કરતા અર્વાચિન વખતમાં વિદ્યા કળા બહુ વધી જેથી કપટ પણ તેટલું પેસી ગયું. માયિક પદાર્થ ઉપર અત્યંત પ્રીતી થવાથી શુદ્ધ મન મલીન થતું ગયુ અને અંતરમાંથી દય; અને ધર્મ ઉપરથી ભક્તિભાવ ઉડી ગયો. અને પ્રાપંચીક ભક્તિના પ્રકાર વધી ગયા. જગતના જીવોની કાક દ્રષ્ટી થઇ તેથી કરેલા પુરૂષાર્થનું ફળ પણ તેવુંજ મળે છે. સંતને દેખી નીંદાઓ કરે, મશ્કરી ઠઠા કરે, સામા પુરૂષનાં ચાંદાં શોધતા ફરે, જેથી લક્ષણ જે સાધુ પુરૂષોમાં હોય તે પણ ગ્રહણ થતાં નથી. તેથી ભક્તિ માર્ગથી વિમૂખ થઇ અંતે કાળના મુખમાં પ્રવેશ કરે છે. અને પોતાનું સતકાર્ય સાધવાનું કામ સરતું નથી એ માટે એક દૃષ્ટાન્તઃ—

એક બાઇ હતી તેને એક નાનું ધાવણું બાળક હતું. જ્યારે તે બાઇ પોતાના બાળકને ધવરાવવા બેસતી ત્યારે, બાળક તેના સ્તનમાં બચકાં ભરતું તો એવા બાળકને શી રીતે ધવરાવી શકે? આ જગતના જીવોને સાગ નરતા પુરૂષની પરીક્ષા નહીં હોવાથી નિંદા-મશ્કરી, ઠઠા વિગેરેની ટેવ પડી ગયેલી હોય છે. તો એવા મૂખ માણસોને સંતગુરૂ શી રીતે સંસારમાથી ઉદ્ધારી શકે. માટે હમેશાં ગુણગ્રાહી થવું એ અતી લાભકારક છે. અને સાધુ પુરૂષો જે હે ધ્યાનમાં રાખી અમલમા મુકવું એ રીતે આપેલો બોધ ગ્રહણ કરી મોક્ષ મેળવવો. એજ મારી અંતીમ પ્રાર્થના છે.

૧૪૬૧૪

ભજનો.

ભજન ૧ લું.

રાગ—રેલીઓ.

અનાદીનો પુરો વિશ્વાસ, આત્માના કેવલ પતી.
તમે અંતર ગતી જુવો ઠરીરે. આત્માના કેવલપતી.
ઓશો સાહેબ કુબેરકી જય, આત્માના કેવલપતી. ટેક. ૧
પાંચ તત્વની કાયા બનાવી. દશમી ઇંદ્રીઓ જડીઓરે;
પચીસ પ્રકૃતિનો વેગજ પુર્યો, માંહી ચોવીશ લારો ઠીરે. આત્મા૦ ૨
બોતેર નાડીનો દેહ બનાવ્યો. દશમે દ્વારે ડેરીરે;
ડેરીમાં રહી જોતી ને દરશી અટકયો, ભ્રમમા તો જાય ફ... ભટકીરે આ૦ ૩
પાંચ પાંડનો જુમર બનાવ્યો, ઓમકાર વાણી પડીરે;
ઓરલી વાણી જોઇ આખી ખલક દોડી, વસ્તુ સતગુરૂ સેવાથી જડીરે.
આત્માના૦ ૪
અયોધ્યા ગોકુળમાં રામકૃષ્ણ કહેવાયા, સંસાર ચરીત્ર વાણી કથી ગયારે;
આખી ખલક તેના નામનુ ભજન કરી મરી. કોઇને આત્મ વસ્તુ
નવ જડ રે આત્માના૦ ૫
ભણી ભગ જાતી વેદમાં સાખજ આપી, દુનિયાને મૂર્તિઓ પૂજાવીરે,
આખી ખલક અંધારૂ ઉલેચી મરી, કોઇને આત્મ વસ્તુના જડીરે.—આ૦ ૬
ભણી ભણીને તત્વ જુદાં દેખાડે, દુનિયાને કુટી મારીરે;
પીંડ બ્રહ્મ ડના વસ્તુ પારજ રહે છે. ત્યાં મારા અખંડ પુરૂષ ... મઢીરે.—આ૦ ૭
ભણી ભણી પારકુ ભણતર ભણે, પોતાની ભૂખના ભાગીરે,

પોતાના ખેતરમાં દુરી મેલી, માંય માલ વસ્તુ ના જડીરે. આ૦ ૮
ખટપટીઆ ગોરવા ગુરૂ મલે ત્યારે, મારી તારો કરી મરેરે;
ગીધની આંખ મડદા ઉપર રહે છે, તેને નિર્ભય વસ્તુ ના જડીરે. આ૦ ૯
નેન ચક્ષુ જેનાં અવળાં ફરે, તેને આપનું આપ કોણ દરસાવેરે;
સતગુરૂ સેવા વિના ભેદના મલે, અંતે ચોરાસીમાં પડીરે. આ૦ ૧૦
મજુરી કરી શેરડીનો ગોળ કાઢી ખાધો, કુચા કુચા મેલ્વા પડીરે;
આખી ખલક કુચા લઇ ખાધા, માંહી ગોળ વસ્તુ ના જડીરે. આ૦ ૧૧
ઉમરવા ગામના બજારમાં એક રામ કૃષ્ણની જોડીરે;
સાચા ગુરૂની શાંન મળી ત્યારે, નિર્ભય વસ્તુ જડીરે. આ૦ ૧૨
ઉમરવા ગામમાં સોના બાઇએ, સતગુરૂની પરીક્ષા કરીરે;
સાચા ગુરૂનો ખોજ લીધો, ત્યારે નિર્ભય વસ્તુ જડીરે. આ૦ ૧૩
ભણેલાજનથા જીવનીમુકતી ન થાયે,જુદા જીવ જાણેત્યાંસુધીમનદોડયુંજાયરે;
સર્વત્રમાં પોતાનો આત્મા નવ જાણ્યો, તેના કેવળમાં મુકિત થાયરે. આ૦ ૧૪
અનંટ સાધુની જગતથી પરીક્ષા ના થઇ, જોતાં મનુષ્યો દેહ ખોઇરે;
આત્માપરમાત્માને દરશીના જાણ્યો,એનો ભેદપાય લાખમાં કોઇ સતિરે.આ૦૧૫
સંતગુરૂને જગત સેવા ભેદે વરતે,તેનો આત્મા કેમ તરી શકે રે;
કુવે કુવાના ગુણ અળણુ કરી વર્તે, તેમાં કોઇક સંત મુકિત પાઇરે. આ૦ ૧૬
સૂક્ષ્મ વેદની કથા કરવા શીખ્યા, પોતાનો વિષયના ત્યાગ્યારે,
આત્મા પરમાત્મા વસ્તુ પરખી ના વર્તી, અંતે ગીગાનો અવતાર ધરીરે. આ૦૧૭
સંસાર વહેવારમા સંસાર સુખ ના મળ્યું, ત્યાગી થઇને સંસાર સુખ ભોગવુંરે;
બાર બાર ગામની આખલીઓ ઓચરી મરીઓ ભેખના મહત્તાતોડીરે. આ૦૧૮
બહુ ભણેલો બહુ અનુભવી કહેવાયે, પોતાના લીંગ વાસના નવ ગઇરે;
અનેકસાધુમાંકોકકોકઅંગારીયાંનિપજ્યાં, અનેકમાહીંગવાનનાદાધીરે.આ૦૧૯
મોચીને અવતારે ભર્યું પેટ કોચી, તેના હ્રદયમાં ગુરૂ કેમ વસેરે;

બાર બાર મહીને ઘાટ ઉતારે, તેનો જીવતાં નર્ક કુંડમાં અવતાર ધરીરે. આ૦૨૦
ઢઢારો દેખાડી દુનિયાને વિવેકમાં મારી, કમાયા માન બડાઇરે;
મંદીરમાં રહી ભકિત શીરગુણુની કરાવી, તેને આત્મા વસ્તુના જડીરે. આ૦૨૧
એો સ્વરૂપે સાધુ કહેવાણા, મનની વાસના નવ ગઇરે;
મરદની વાસના જે કોઇને રહી, તેને જીવ દશા ના જઇરે, આ૦ ૨૨
મુકત થવા જીવો સાધુ થાએ, માન બડાઇ ઇર્ષામાં ગુમાઇરે,
મંદી શંકરી નામ વહેવારની મગરૂરી ચઢાવી, તેને આતમ વસ્તુરે. આ૦૨૩
પાઠ પુજા કરી ભગવાન શોધે, આત્મા કેમ દર્શાઇરે,
સતગુરૂ સેવા વિના મુક્તિ ના પાઇ, ભવમાં મરે ફરી ભટકીરે. આ૦ ૨૪
—ભણુતર ગણુતરથી જગતનો વહેવાર બંધાઇ, અક્ષરથી આત્માના ઓળખાઇરે;
જેને સતગુરૂ સેવા શાંત મળ્યા, તેને આત્મા દીધો દર્શાઇરે. આ૦ ૨૫
અજ્ઞાન ભરેલા ભણી ભેટીએ મારે, સારા નરસા સંત ગુરૂના પરીક્ષા ના કરેરે;
આખા ખલક પોપટીયાજ્ઞાન સાંભળી મરી, કોઇને આત્મ વસ્તુના જડીરે. આ૦૨૬
ચાર વેદમાં ભૂલજ ઘાલી, અરાઢ પુરાણમાં પુજા કરાવારે;
સ્વાર્થી જીવોએ ખલકને લુંટીને ખાધી, કોઇને આત્મા વસ્તુ ના જડીરે. આ૦૨૭
દુઃખના માર્યા સાધુ થાએ, ભણી વેદનાં ગીતાં ગાએરે;
કથા કરી દુનિયાને ગીતાએ રીઝાવી તેને આત્મા વસ્તુના જડીરે. આ૦ ૨૮
પંચમ વેદનો ભેદજ પાયો, તેને નામ વિનાની વસ્તુ જડીરે;
ખટશાસ્ત્ર જુદા ભગવાન ભજવ્યા, વહી પંડીત પુરાણી ગયા ઢહોરીરે. આ૦૨૯
છન્નુ તત્વની જનોઇ પહેરીને, આત્મા ઓળખાણ કરીરે.
અરૂપ સ્વરૂપે જેણે સુરતા ધરી, તેને અગમ નીગમની ખબર પડીરે. આ૦૩૦
ઇંગલા પીંગલા સુક્ષમણા નાડી, સાતમી ભોમીકાએ ચડીરે;
સાતમી ભૂમિકાએ જેનો સુરતા ઠરી, એ પરખવા વાળી વસ્તુ ખરીરે. આ૦૩૧
ઓહંગ સોહંગ પવન દોરા ભરી, મનની વાંટી વળીરે;

એરે વાટીમાં કોઇ સતગુરૂ મળે, તો તેની જન્મ મરણની તોડીરે. આ૦૩૨
સત વસ્તુ સતગુરૂ દેવ કહેવાયા. તેમની સેવાથી આત્મા ઓળખાયેરે;
મૂર્તિઓ પૂજી દુનિયા મુક્તીરે માગે તેને આત્મા કેમ દરશાવેરે. આ૦૩૩
ઓહંગ સોહંગ શબ્દ નાશીકાએ ઠરાવી. સુરતાને રાખો ઘેરીરે;
દશ ઇંદ્રીઓ દમમાં સમેટી બેશો, તો આત્મા તુરત દરસાઇરે. આ૦૩૪
કુંભક પુરક રેચક કરી રાખજો, અંતર વૃત્તિ સમેટી લેજોરે;
આખની પલક મારી ઠરાવી લેશો, આપનું આપ દરસાયેરે. આ૦ ૩૫
કામ ક્રોધ લોભ મોહ માયાને મમતા, અહંકારને બાંધી લો ઘેરીરે;
તરવેણીએ ઠરી વસ્તુ ઓળખી લેશો, તેની ભરની ભ્રમણા ટળીરે, આ૦૩૬
છ મહીના ગુદા આશન કરી રાખે, અર્ધ કલાક શ્વાસ થંભાવેરે
બાર વાસાનું બાળક મન થઇ બેસે, આપો આપમાં સમાઇરે આ૦૩૭
ઉન સુનાએ જે ધ્યાન ધરી બેસે, સતગુરૂ સ્વરૂપ દરશી લેશેરે;
પોતાનો આત્મા દુઃખી તો જગત દુઃખી, એવુ જાણી સર્વત્રમાં
દાઝના રહી તેને જીવતાં મુકિત પાઇ. આત્માના ૩૮
પોતે બ્રહ્મ દેવનો ભેદ નવ જાણ્યો, નોકરી કરી જન્મ ગુમાવ્યોરે;
અત્યા વિષયના રસમાં ડુબી ગયો, તેને બ્રહ્મ દેવ કેમ કહેવાયરે. આ. ૩૯
પોતે કારીગર પોતે પ્રજાપત, પોતાની પ્રજા વધીરે,
ઘાટ ભાગે ત્યારે પોકો મુકે, તેને પ્રજાપતી કેમ કહેવાયરે. આ૦ ૪૦
પોતે છે આત્માને પોતે થયા મહાત્મા, ન જાણ્યો પોતાનો આત્મારે;
અત્યા વિષયના રસમાં વેર બાંધ બેઠો, તેને મહાત્મા કેમ કહેવાયરે. આ૦૪૧
સખીરે રૂપમા મૂછો મુડાવે, સંસાર દરામાં સુરતા ઠરાવેરે;
બગ ધ્યાન ધરી દરાની માછલી પકડી, તેનાથી આત્મા કેમ દરસાયેરે. આ૦૪૨
કુવાને ટોડે કેસરી બેઠો, પાંણીને પડછે ભાસજ પડયોરે;
પોતાના આત્માની પરીક્ષા ના કરી, દુનિયા ભાસમાં કુટાઇ મરીરે. આ૦૪૩

પોતે માબાપને પોતેરે દીકરો, પોતાનો અંગ ઉતર્યોરે;
અજ્ઞાન સ્વપનામાં દુનિયા વહેવાર બાંધ બેઠી,ફુલવાડીમાં ભુલી પડીરે આ૦૪૪
ધણીના હુકમનો એક ફેર અધીકારી, બીજે ફેરે જનની કહેવાઇરે;
ઇંદ્રીયોના રસમાં જગત લોભમાં વરી, પશુની ગતીયે દેવ ચક્ષુ
ફાડા બેઠી તેને આત્મા કેમ દરસાઇરે. આતમ.ના ૪૫
વિષયના રસમાં દુનિયાં વહેવાર બાંધ્યો મોજશોખ ભોગવી માલીર,
પોતાના આત્મા દુસીત કર્મે બંધાયો,દુનિયાં દુઃખસુખ ભોગવા મરીરે.આ૦૪૬
બાજીગરે ડાકના ચાંદી બતાવી, બાજીગર ન્યારો રહ્યો રે;
આખા ખલક ઝાઝવામા દોડી મરી, કોઇની તૃષ્ણા પુરી ના પડારે. આ૦૪૭
આખા ખલકમા મતવાડા બાંધ્યા. પતંગી જીવ આવી પડયારે,
રૂપ રંગ રાગ મોહમા ચોકઇ રહયા, તેને ધનુર વિદ્યા ના જડીરે. આ૦૪૮
મૃગના તનમાં કસ્તુરી છે. જગત કસ્તુરી કસ્તુરી કરી મરે રે;
ધનુર વિદ્યાવાળા ગુરૂ જેને શેવી જાણ્યા તેને કસ્તુરી દીધા દરસાઇરે આ૦૪૯
ભાંડ ભવૈયા કાચરી પહેરે, અજ્ઞાની જીવ ઉજાગરે મરેરે,
કમાઇ કમાઇ ગુણકાને દરબે, અંતે નરકના આધેકારીરે આ૦ ૫૦
ખાડા રેતીમા જીવો ખેતરે ઠરે. તેને મજુરીનું ફળ ના મળેરે,
છતી મનુષ્યા દેહને ગધેડાની બુદ્ધ રાખી, તેના ચાર જુગમાં
મુકતી ના થાએરે. આ૦ ૫૧
ભણી વાચી જગતમાં ભાષણ કરવા શીખ્યો, પોતાના વિષયના ત્યાગ્યોરે;
પોતાના આત્માને દરશી ના જાણ્યો, ભાષણથી મુક્તી ના થાયરે. આ૦ ૫૨
વેદ ભણેલા જીવોએ કરમકાંડ બાધી, નદીયોને મહીમા વરતાવારે;
ચરણામૃત પાઇ જગતને ભરમાવી ખાધી દેવ દેહરામા ભટકી મરીરે.આ૦ ૫૩
ચાર વેદ તો જડ કહવાયા, પાંચમા છઠ્ઠાનો કોઇએ ભેદ ના પાયોરે;
જ્યાં ત્યા બોધ આપી દુનિયાને વર્તમાન કરાવ્યું. આ ભેદ પાયે
કોઇ સંત વિરલા સતા. આ૦ ૫૪

સંસ્કૃત વાણી ભણીશું રે કમાયા, અલખનો ભેદ કોઇએ ના પાયોરે;
ઓખડી વાણીમાં દુનિયાને ભટકાવી મારી, કોઇની લક્ષ ચોર્યાસી
ના મટીરે. આ૦ ૫૫

ભણતર ગણતરથી જગતને ભરમાવી મારી, રંગરાગ રસમાં વારીરે;
પોતાની મન ઇંદ્રીઓ મુક્ત ના થઇઓ, સામાને બેડો કરવા મુક્તિરે. આ૦ ૫૬
લીંગ વાસનાઓ જેની મૂળમાંથી ગઇ, તેને પડોરવાનો પરમાણો
પરમગુરૂએ અનુભવ ઘટમાં દીધોરે:

એવા પરમગુરૂની જે સેવા કરશે, તેને કૈવલમાં મુકી પાઇએરે. આ૦ ૫૭
અનંત જીવોનું પોષણ કરે છે, તે તો બ્રહ્મની પારજ રહેછેરે;
બ્રહ્મની પાર જેણે વસ્તુ જાણી લીધી, તેણે સંસારબાજી જીતીરે. આ૦ ૫૮
પુરણ પદની સમાપ્તી કરી સાહપદમાં ગુરૂગમ વિસ્તારીરે:
અખંડ બ્રહ્મમાં સુરતા જોઇ કરી, તેને નિર્ભય વસ્તુ ઘર જડીરે. આ૦ ૫૯
નામી અનામીનો ભેદ ના પાયો, દુનિયા નામમાં કુટાઇ મરીરે;
ગુરૂ ચરણમાં દાસ કેવલ બેઠયા, આપો સ્વરૂપમા મલીરે. આ૦ ૬૦
ગુરૂ સંસારી ચેલા સંસારી જ્ઞાન ભક્તિ સૌને આપી મલતીરે
સંસાર [illegible] આપણી વિશ્વ [illegible] મરી ગુણકાના [illegible] કેતે કેસે પતી આ૦
[illegible] સંબંધી પુન કરી જાણું તેતો [illegible] તારીરે
સમદ્રષ્ટિ જો પોતાનો આત્મા જાણી અવરને તે પરમાર્થ [illegible] આ૦
પરમગુરૂ આગલા પુરૂષનો અનુભવ વાંચી જુવો [illegible] પોતાનો
આત્મા અનુભવ જાણો નહિ.

ધાંચીના દેશમાં પોથી જગત વાંચી મરી. આત્મા૦
સાપ ગયા ને લીટા રહ્યા પડયાં પાણીમાં ડુબો.
નોરબે ધરમ નથી કોઇથી નીચ્ચે ના થયો
જગત પોપટ નામમાં કુટઇ મરીરે. આત્મા૦
સતજુગમે બારહજાર માણસ જીવે તેની ઉમરમાં એક ફેરી મુકી ઉઠેરે

જો પુરૂષ સંત ગુરૂની સેવા કરી જાણે અમર મુક્તી જુગમાં
ભગતી ઘણી ઘણી કરે છે પાપનાં પોટલાં બાંધી ફરે છે,
લીંગવાસના જેની મુળમાં ના બળી તેતો અસતગતીમાં જાઇ આત્માનાકે
કોણ કોણ બોલશે જે આતમાના કૈવલપતી
શ્રીમંત કુવેર સાહેબકી જે આતમાના કૈવલપતી
બોલો નારણદાસજી મહારાજકી જે આતમાના કૈવલપતી
ગુરૂ બલદેવદાજી મહારાજકી જે આતમાના કૈવલપતી
ગુરૂ શુમા વુંકદાજી મહારાજકી જે આતમાનાં કૈવલપતી
બોલો સંત હરી જનકી જે આતમાના કૈવલપતી
સાહેબ કુવેર ગુરૂની વરતી, તેની લક્ષ ચોરાસી;
જવાની રહી ગર્તા.રે એવા પરમ ગુરૂ કોઇ પુણ્યશાળીને મલે.

ભજન.

દેશ પરદેશ જોયો ફરી, પહાડ પત્થરમાં વસ્તુ ના જડી ૧
અઢાર પુરાણની શાખ્ય મેં જોઇ, મારી તારી ખેંચાતાણ ના ગઇ ૨
ભણી ભણી ભણતરમાં જાણે, દેવદશ નથી મુક્તિ માને. ૩
શાસ્ત્રી પુરાણી કથા કરે, આશા બાંધી દુનિયાને મારે. ૪
તેનું કાંણુ અંધારૂં ટાળે, સંત મુકી જડની શેવા કરે. ૫
ગાયનું વાછરડું ઘોડી તળે જાય, લાત ખાયને નિરાશ થાય. ૬
એમુરખના સમજાયઓરગુરૂકરીલેજો,નહીંતોગધેડાથઇઉકેડાશેવજો ૭
જેનરસમજયોતેસમજણમાંસમાવે,જીવતીવાઘણનુંદૂધવાઘજધાવે ૮
પીંડ બ્રહ્માંડમાં જોયો ઠરી, અમાપમાંથી વસ્તુ જડી. ૯
સમર્થ ગુરુ કુબેર મળ્યા વેતા, દાસ કેશવના સ્વરૂપમે વસ્યા ૧૦

ભજન.

અંતરગતી તમો કરોને મતિ શ્વાસે જુરોને તમો મથીરે;
શ્વાસ ઉચ્છવાસ ચઢી તમે નીરખા કેવલ વસ્તુ પરખો રેજી. ૧
સંસાર છે કારાં કથારનું ઝાડ, સાપે છછુંદરી પકડી રે;
ગીગાની બગલમાં રહે ... મુક્તિ શાસ્ત્ર જોઇને પૂજે મૂર્તિરેજી. અં૦ ૨
આખો જન્મારો દેવદર્શનમા જાય તોય મોક્ષ મુક્તિ ના થાયરે.
ભાવ દર્શન શેવા સંતની કરીલ્યો આતમ જ્ઞાનથીમુક્તિ પાડરેજી. અં૦ ૩
અઢાર પુરાણના મતમાં ફરતો, વેદ ગીતાના પાઠ કરતો રે;
અંતર પર જેની સુરતા ઠરી; તેને જ્ઞાન મુક્તી ના મલીરેજી. અં૦ ૪
છછુંદરીનાં છ સરખ છ શાસ્ત્રે મત ખેંચ્યારે,
એક ... કના ભગવાન જુદા ઠરાવ્યા, નામ વિસ્તારે પૂજાવ્યારેજી, અંતર ૫
ધોળે દહાડે વાગોના ઉરાડીઓ, ખરે બપોરે દાઝી મરીઓરે;
ઉંધાં કર્મે જેને સૂઝતું નથી વેદ ડાળો પકડીઓરેજી. અંતર ૬
જાગતો છે પણ વિશેષ અંધલા, અમુલ્ય વસ્તુ જેણે ખોઇરે
એ છશાસ્ત્રે એ આખા ખલક ભરમાવી, પુછડીંગ સંઢ પૂજાવીરેજી અંતર ૭
અઢાર પુરાણ ભણી થયા પંડીત આણી ખલકને ખરડાવી ખતારે
ટચલી આગળીએ પવત ગોવર્ધન તોલ્યોરે,ભેદ ભરેલી વાણી બોલ્યારેજી.અંતર
કાંઇ ભુમાકા ઉપર રમો રહ્યો કઇ પૃથ્વી તોલીરે
એ ભેદ ભરી વાણીના કોઇ બ સારના પાવા શાસ્ત્ર જોઇ કુટીમરીયોજીઅંતર ૯
આમા પૃથ્વી કોણ તોલી શકે નથી શકતી તોલવાનારે
તેનાપર રહી ... ઇંદી ડાંગે કાયા ગોવર્ધન તોલ્યોરેજી અંતર ૧૦
આવતા શબ્દના પરિક્ષા નથી કયાં રહીને વાણી તમે કથીરે
દશ અવતાર દેહ જડના લખાયા, વસ્તુ અવતારમાં નથીરેજી અંતર ૧૧
વાર અવતાર શાસ્ત્રી લખ છે. દુનીયા શાસ્ત્રમાં મુક્તી માને છે રે

સતગુરૂ વંર્તવિના મુકતી ન પાઇએ ગધાનો અવતાર ભોગવીજોઇરેજીઅંતર ૧૨
ભાસના જીવ તો અનેક લખાયા, આભાસમાં કૈવલ મુકત એકવારે
એકવસ્તુ પરખી જેને નિશ્ચે કરીજાણી એને જીવન મુકતીમાણીરેજી અંતર૧૩
બીન આધારે મુકત કહેવાય છે, આધારે અવતાર ધરાય છે,
હંસની વાસના ભાસ પર જાયછે, અજ્ઞાનથી જીવ કહેવાય છેજી અંતર ૧૪
વળ વિનાતો મુકત કહેવાય છે, વરથીતો કર્મ બંધાય છેરે;
ગુરૂ કુવેર ચરણમાં દાસ કેશવ કહેવાય છે, નિરાધારમાં મુકત ઘર
આપે છે રેજી અંતર ૧૫

ભજન.

મોયા છે મોટી ઘોડીરે દેહની પછાડી નાખી તોડીરે,
મુરખ હજી ના સમજ્યોરે માન બડાઇને ઇર્ષામાં રહયો ઘોરીરેજી. મા૦ ૧
હૈયાનો ફુરેલો વિશેષમાં લુંટાયોને કુતરાને અવતારે મનુષ્યદેહ ખોયોરે,
તોય મોક્ષગતી ના જડીરે આખી ખલક મમતામાં મરીરેજી.
કાગડાની બુધ્ધિએ ચાંદાં ખોળતો ફરે પોતાના અવગુણ ના હણે
પટેલ પાડો થઇ ફરતો રે ધીક તે અવતારને રેજી. મા૦ ૩
જાતે બેસી ભજન ના થયું, પરમાર્થે મન પાછું પડયું,
સગાં વહાલાનું યુધ્ધ કરી પુરૂં કર્યું રે, ખાલી તો ગયો દેહ પછાડીરેજી. મા૦૪
આંધળીઆ બીની બુધ્ધિ જાણી, જ્યાં ત્યાં બોવ થાય ત્યાં જાય દોડી,
એમ કરતાં જન્મારો વહી ગયો રે, વાગોલની બુધ્ધિ અંતરીયાર
લટકીરેજી. માયા. ૫
ગુરૂ ગમ જેણે ગ્રહણ કરી અંતર અજ્ઞાન નાંખ્યું કહાડી,
પાણીના ગુણ જેણે ગ્રહણ કર્યા રે તેનું તો જીવન મુકત માની રેજી.માયા૬
દયા ધર્મની હેર ઝાલી સમ દ્રષ્ટીથી જેણે શેવા કરી,
કેશવ દાસની વિનતીરે તે તો છતી દેહે વિદેહીરેજી. માયા. ૭

ભજન.

મને કૈવલની લહે લાગી, અંતરમાં જોયું જાગીત્યારે અનેક ભ્રમણા ભાંગી. ૧
આંધળાકાયા આંધળી માયા, આંધળીમાં લુટાયારેજી,
મોહ રૂપનો ત્યાગ કરીને, ગુરૂ ગમ જુવો જાગી. મને. ૨
પીંડ બ્રહ્મની પારજ રહે છે, એ કોઇ વિરલા બુઝે:
સૂર્ય આગળ ઘુવડજ ઉંધે, કોઇ ચેતને જોઇ લીધો જાગી. મને. ૩
અઢાર પુરાણુની શાખ લઇને ભણતર મત રસ કરતો:
એ ભણતર તારૂં કામ નહી આવે,આવે વિના અક્ષર જુવો જાગી.મને. ૪
વેદ ગીતાની શાખ લઇને આખી ખલક કુટાઇ,
ખટ કર્મ તારૂં બાજુએ મુકી શ્વાસા સ્વરૂપે જુવો જાગી. મને. ૫
જીભ્યા કાગળ ઠરાવી લેજો રસ ભાગ શાહી કરી લેજો,
શ્વાસા કલમ બોળી લખી લેજો, એ અક્ષરે જુવો જાગી. મને. ૬
વિના પાખનો પંખી કહેવાયો, અક્ષર રહીત ઘેર ગુરૂ રહેતો,
કુબેર ચરણમાં દાસ કેશવ બોલ્યા, અબોલે સુરતા લાગી. મને. ૭

ભજન

ઝલમલ ઝલમલ મેવલો વરસ્યો, જ્યાં જોયો ત્યાં મેં દરસ્યોરેજી;
દ્રષ્ટિ સ્વરૂપમાં રહે મારો વાલો, ત્રણુ ગુણથી ન્યારો રેજી.
વિના પાખના પંખી કહેવાયા ડહોળે નહિ દરસાયેજી.
મન ઠરાવી શ્વાસેરે ચઢો કુડ કપટ મુકી દરસ્યારેજી. ઝલમલ ૧
કર્મ કાંડ તારાં આગળ રહે છે. મન તારૂ ગુટકા ગણે છે રેજી,
આઠે પહોર તારો મનુષ્ય દેહ ખોયો સ્વરૂપ સ્વરૂપે જાગીને જોયોરેજી. ઝ૦ ૨
આચાર ધર્મની તું ભકિત કરતો સ્વાર્થે જુઠું બોલતો રેજી.
સંત દેખી મન પાછુ ભાગે એને રૂપ જ્ઞાન કેમ લાગેરે ઝલ૦ ૩
સંત સ્વરૂપ છે કૈવલ રૂપે નુગરો શું જાણે પરખી રેજી,

જેને ગુરૂ શબ્દકી તાલી લાગી તે તો શેવા કરશે વારીરે. ઝણ૦ ૪
અમરત બાએ રીઝજ લીધીરે સંતની શેવા કીધીરે;
સંત લાડીલા ઘેર પધાર્યા ગુરુગમમાં પરખી વર્તા. ઝણ૦ ૫
જાગતાને તો આંધળો લુટે ચૈતન કેમ દરસાયરે જી
ગુરૂ કુબેર ચરણુમાં દાસ કેશવ કહે છે અધર તખંતમાં રહે છે રેજીઝણ૦૬

ભજન

જેના હૃદયમાં સતના રહ્યું રે, તેને તો ના દરસાયું;
આ કેવલ કુંચી સહુથી ઉંચીરે દુનિયાં બોલે જુડી રેજી;
પાંચ તત્વમાં પાંચ વેદ રહે છે પાંચ પાંડવથી રહે છે ન્યારો.
ગુરૂ ગમ હોય તો નિશ્ચે કરી લેજો આપ સ્વરૂપે દર્શી રહે જો. આ૦ ૧
ચાર વેદમાં ચાર જુગ રહે છે, ચાર પ્રકારની રહે છે વાણી,
એરે વાણીમાં આખી ખલક દોડીરે અંતર વસ્તુ ના જાણી. આ૦ ૨
સહુના ઘટમાં રામ સીતા રાવણુ ઘેર અજેપાળ રાજા ભરતો ખંડણી,
એવી વાણી વદે મુખે ઉચ્ચારણ કરી વસ્તુ તો સૌથી છે જુદી આ૦ ૩
આખી ખલક તો વાણીમાં જુવે છે વસ્તુ અનઘટ દેવલમાં રહે છે.
અનગઢ દેવલમાં જેને જાગીને જોયો આપે સ્વરૂપ દર્શી રહ્યા. આ૦ ૪
આપ આખી ખલકમાં અનુભવ ચલાવ્યો મોટા પુરૂષે મુકી જુકતીઓ,
એરે જુકતીમાં કોઈની મુક્તિના પાઇ મન જીવતાં આનંદ થાય. આ૦ ૫
આનંદમાં તો જીવ થાય છે ખોટી, લાલચે ભક્તિ લુંટી,
મન ઠરાવી ધ્યાન સ્વાસેરે ચઢતો કોઈ કોઇ વિરલો તરતો રેજી, આ૦૬
એરે વાણીમાં કોઇનો સંશય ના ગયો વિના અક્ષરે દરસાયોરે.
કેશવ દાસના પડદારે ખોલ્યા જીવતાં મુકતી પાઇ. આ૦ ૭

ભજન

અલખ ધણી છે ન્યારો રે મરો છો મથી ઠાલો;
તમે આત્મ ગીતા જાણુરે, બીજુ સર્વે મીથ્યા માનો. તમે આત્મ૦ ૧

નથી બ્રાહ્મણ નામે દેહ નથી બ્રાહ્મણ;
બ્રહ્મપાર વસ્તુ જેને પાઇરે, તે તો નિર્ભય આપે થયો. તમે આત્મ ૨
યમ આતમ નથી પીપળાની પ્રકંમામાં નથી ગૌમુખી જાપ મેં;
આંધળા જીવ શીદ ભટકોરે, સામાને શીદ ભરમાવો. તમે આત્મ ૩
પરમાત્મા નથી તુલશી લગ્નમાં:
નથી પૂજા પાઠમાં મુરખ હજુ ના સમજોરે તુલશી બીલીનો દુશ્મન રહ્યો. તમે ૪
નથી શકિત મૂર્તિના મૂતિનથી શકતીની:
આપ શકિતનું સુખ માણોરે મનની દોડે શીદ દુઃખ પામો. તમે આત્મ ૫
નથી પીર કબરમાં, કબર નથી પીરની;
ચૈતન્ય પીરને જાણીરે, તાબુત શીદ કુટી મરોરે. તમે આત્મ ૬
નથી સાધ સાધકમાં, સાધક નથી મોક્ષના:
માયાનુ સાધન સિદ્ધ કરે છે, માન બડાઇ ઇર્ષામાં ફરે છે. તમે આત્મ ૭
નથી તાલ તાલ મૃદંગમાં નથી રાગ રસીકમાં ભુલે મને શીદ ભટકોરે;
અરૂપ સ્વરૂપનું ધ્યાન ધરો તમો આત્મ ૮
શું મળે ગીતાનો પાઠ કરે, શું થાય તીરથ વૃત્ત કરે;
પંડીતનર વિચારોરે, સમજીને તમે શબ્દ કાઢોરે. તમો આત્મ. ૯
નથી વેદની વાણીમાં નથી શાસ્ત્ર પુરાણમાં:
શ્વાસા રૂપે લે જોઇરે ફરી નહી આવે તારી મનુષ્ય યોની. તમો૦ ૧૦
નથી પુતળી બાજીગરમાં બાજીગર નથી પુતળામાં:
બાજીગર પડદે રહી દમ દોરીએ રમાડે તેને તો તમો નવ લહો.તમો૦૧૧
નથી બાવન અક્ષરનાં અને અક્ષર નથી બાવનમાં:
બાવન આંગળ શ્વાસા સ્વરૂપ બહાર બીરાજેરે, તેને તો કોઇ
વિરલા લહે. તમો આત્મ ૧૨
સાહેબ કુવેર ગુરૂના ચરણમાં સુખ પામ્યો અપાર;
દાસ કેશવ શુદ્ધ સ્વરૂપે રહી બોલ્યારે, અનભય ઘરનાં તાળાં ખોલ્યાં. તમો૦૧૩

ભજન (મંગળપદ)

સતગુરૂ શબ્દનો કર વિચાર, તેમાં એક સારરે;
સંતસેવા કરી લ્યોને ભાઇ, નહીં તો ખાશો મારરે. ૧
વેદમાં કહયો ભેદ ના લહ્યાં, આતમ હે સારરે,
વ્યાસે સામવેદમાં જોઈ, કર્મકાન્ડ વાણી કથી ના પામે કોઇ પારરે. ૨
જ્યારે નારદ ગુરુ મળીયા, લીધે આત્મલક્ષનો બોધરે;
ધ્યાન ધરી આત્મા ઓળખી લ્યો, જીવતાં મુક્તિ પાઇરે. ૩
વ્યાસ વાણી જેણે ગ્રહણ કરી, ના જાણી જેણે જુકતીરે;
વળગાડયા પત્થરને નાવ, તેની તો કેમ થાય મુક્તિરે. ૪
કાશીમાં થયા કબીર, અયોધ્યામાં થયા રામરે;
ગોકુળમાં થયા કૃષ્ણ, કાયકુ લેવા નામરે. ૫
નામ વિના ના જાણ્યા અનામી, જ્યાં ત્યાં અથડાયારે;
શાસ્ત્રપુરાણમાં ઘુમી મુવા, આતમભેદ ના પાયોરે. ૬
અંતરમાં કરી લ્યોને વિચાર, સુણો શબ્દ કાનેરે;
જાણો આ દેહ નહી વારંવાર, સમજી લ્યો સતગુરૂ શાનરે. ૭
એવા પરમપુરૂષનો આશરો, જો સંત જણાયરે;
જીવકો સંશય એક પળમાંય, પરમપદ પાપરે. ૮
તેવા દીનદયાળુ સંત હોય, આપે લક્ષ તન જાણીરે;
આ ભવમાં શીદ ફરો ભટકાઈ, દેખો અંતર ઉર આણીરે. ૯
તેનો મીટે ચોરાસીકો ફંદો, નવ આવે આવરણમાંરે;
સાહેબ કુવેર ગુરૂપ્રતાપે દાસ કેશવ, બોલ્યા રહી ચરણમાંરે. ૧૦

ભજન

હો મનવા કેવલ ભજન લ્યો ખોળી,
રૂપ રંગમાં સીદ મરો છો દોડી. હો મનવા ૧
મોટમ રાખે મેલને ચાહે ફરે જગતમાં ડોલી;
આરે કાયામાં શબ્દ કોણ બોલે, તેને લો તમે જાણી. હો મનવા ૨
ઓહંગ સોહંગ જપ લે અજંપા નાભી કમલકા રરંકા;
દશે ઇંદ્રી અદ્રષ્ટે બાંધો તાણી અખંડ કેવલ લ્યો જાણી. હો મનવા ૩
જો જુગકી ખબર નહી ઘાટ ઘાટ પરવાસના;
વ્યાસ પુરાણી મુખે બોલ્યા વાણી બ્રાહ્મણ શુદ્ર માર્યા સ્વાર્થ તાણી હો૦૪
અનેક માર્યા પ્રાણી સબ હાર્યા આતમ કુંચી નવ જાણી;
સાહેબ કુવેર ગુરૂના ચરણમાં રહી દાસ કેશવ બોલ્યા વાણી. હો૦ ૫

ભજન

મનુષ્યા દેહ નહી આવે તારો ફરી હો મનવા; કેવલ ભજન લો કરી;
જુઠું નહી બોલીશ તારો જન્મ જાયે હારી;
રૂપ રંગમાં ફસાયો તારી બુદ્ધિ કયાં બાળી. હો મનવા૦ ૧
સંસાર સ્વાદ લેતાં સારૂં લાગી મનસા દેહે જુવો જાગી;
એક પલ માત્રના સુખની સારૂં અંતે જાય ચોરાશીમાં ફરી; હો૦ ૨
મહેલ માડીકા આ વાડીરે જોતો રખે અમુલ્ય દેહ ખોટો
અલ્પ મનકી આકાક્ષા તારી પુરીના થાય અંતે જાય મન ભરી હો૦ ૩
માયા રૂપે દેખી સુરતા ધાલી તનમન નાંખે વારી.
મીથ્યાની માંહી મંથન કરી બુડી સબ સંસારી હો મનવા૦ ૪
જેણે આતમ વસ્તુ જાણી તેનો મટયો ચોરાસી ફંદો
ગુરૂ કુવેરના ચરણમાં દાશ કેશવ બોલ્યા તેને અનામી વસ્તુ મલી હો૦ ૫

ભજન

હો પ્રાણી કેવલ ભજન બો ને જાણી
દેખો અંતર ઘટ બહાર નિશાની હો પ્રાણી ૧
ચુન ચુનકા મેલ બનાવ્યા તેમાં આવીરે સમાયા,
પરખના હોયતો પરખી લ્યોને ભાઇ અંતરમાં સુરતા ઠરાવી હોપ્રાણી ૨
આ જગત ડાબડો કોણે બનાવ્યો તેને લોને પીછાણી.
આરે અવસર તારો ફરી નહિ આવે જીવતા જોઇ લોની નિશાની હો૦ ૩
સાપણુ સરખી માયા જાણુજે પલમાં લે તારી કાયા,
સંત શેવા તમે કરી લ્યો ભાઇ હ્દેમાં ઉલટ લાઈ હો પ્રાણી. ૪
દયામાં રહી મન શાન્તિ રાખે મીટ જાય કાળકો ધાંખો,
આત્મા દર્શાલો તુમ ભાઇ જન્મ ચોરાશી મીટ જાય હો પ્રાણી ૫
ગુરૂના ચરણુમાં જે કોઇ સેવાય તેની મનુષ્યાદેહે મુક્તીરે પાય
સાહેબ કુવેર ગુરૂના ચરણુમાં દાસ કેશવે વાણી ગાઇ. હો પ્રાણી ૬

ભજન

લાગો સતગરૂ ચરણુમાં પાય હો હંસા કેવલ ભજન લોને ભાઇ.
ભજન સ્મરણુ કરી લોને ભાઇ આ મનુષ્યા દેહની માંહી,
ઘાટ પડે અંતે ક્યાંરે સમાઇ અંતરમાં લોને તપાસી. હો હંસા ૧
જુઠીરે બાજીમાં શું રહ્યો મચી ઓચીંતો કાળ લે ગ્રસી,
પંડીત પુરાણી મુવા કથા સંભળાવી તોએ પોતાની ભક્તિના પાઇહો૦ ૨
અહંકાર મોટમ મદમાં ફરતો, જુઠી જુઠી સાક્ષી દેતો
જ્યારે બાળે ત્યાં પાથર કરતો અંતે માડીમાં સમાઇ હો હંસા ૩
ઘડી પલકકા નહી ભરૂસ, દેખો અંતર ઘટ માંહી,
દશે ઇંદ્રી કરો ઉનમાંના, પરખ કરો શુંન માંહી.   હો હંસા ૪
જોગીરે ભોગી પ્રાણી સબ હાર્યો મનકી દોરે જાય.

જે ગુરૂ અખંડ સ્વરૂપે સમાય તો મુકતા ફલ પાઇ હો હંસા ૫
અગમ અગોચર નિર્ભય પાઇ મનકી દોરે સમાઇરે
સાહેબ કુવેર ગુરૂના ચરણમાં રહી દાસ કેશવે વાણી ગાઇ હો હંસા ૬

ભજન

સંસાર સુખ છે મીઠુંરે, આત્માસ્વરૂપ સંસારીએ નવ દીઠું;
અનેક જન્મનો અથડાતો રહયોરે ધીક તારો રસ લેતો મનુષ્યાદેહ ખોયો;
કોઇનું નામ રહેવાનું નથી નથી દેહ ફરી આ આવવાનો,
થોડા જીવ્યામાં શીદ કુટઇ મરોરે નિર્ભય ઘર તમો નિશ્ચય કરો. અ૦ ૧
મોટા થઇ નામ કાઢે જગતને ભરમાવે,
વેદ વાણીમાં કુટઇ મરીયારે સંશય તો કોઇના નવ ટળીયા. અ૦ ૨
વર્ણ પંચમાં મર્યા કુટાઇ વસ્તુ છે જુદી,
ઉંચ નીચ નથી ત્યાં કેવલ તો એકજ પતી. અનેક૦ ૩
સમજ્યા હશે તે સ્વરૂપે મુક્ત થઇ બેઠા,
બહુ બોલે તે પોતાનુ નામ કાઢેરે જેમ ઘાંચીની ઘેર બળદ ચાલે. અ૦ ૪
ગુરૂ ગુરૂ તો સબ કોઇ કહે, ગુરૂ ભેદ ના લહે;
સામ્રથ કુવેર ગુરૂ મલીયારે, દાસ કેશવના સંશય ટળીયા. અ૦ ૫

ભજન

આત્મારામ વિસારીરે ઉગરવાની નથી બારી,
ગુરુ ચરણમાં ના નમીયોરે તારે તો માથે કાળ ભમ્યોરેજી.
એ મૂરખને જયારે મનુષ્યાદેહ આવ્યો ના લહ્યો જ્ઞાનને ધ્યાન,
એમ બાજીગરે આ બાજી રચી તે તું મીથ્યા જાણ,
પાંચ તત્વનું પુતળુ કરમાઇ જશેરે ત્યારે તારૂં શું કાર્ય થશે. આ૦ ૧
આંધેઆંધા ટોળે મળી વાતો અજ્ઞાનની કરી,
નર નારીની વિનંતી કહી મનતો આનંદ થઇ,

આત્મલક્ષ ના પાયોરે મનુષ્યદેહ તારી એળે ગઇ. આત્મારામ૦ ૨
સૂર્ય ઉગ્યો અજવાળુ થયુ તોય ના સૂઝયું કાંઇ;
જાણી જોઇને અંધાપો ભોગવ્યો ઘુવડનો અવતાર સહીત,
જોબન તારૂ વહી ગયુંરે તારૂં તો મન માયાં રહ્યું. આત્મારામ૦ ૩
માયા તેં તો કારમી જાણી આ જુવાની નાખી તાણી;
વાગોલ જેવી ગતી જાણુજો આ ભવમાં રહ્યો લટકી,
નારી સંગે ભટકી અંતે પડયો ચોરાસીમાં પટકી. આત્મારામ૦ ૪
ગુરુ કુબેર ચરણુમાં આત્મ લક્ષ લેજો દેજા તન મન સહી,
સંસારમાં રહી સાર વસ્તુ સથજી લેજો સંતશુ રાખજો પ્રીત;
દાસ કેશવ પોકાર કરી કહેછેરે નાના મોટા બ્રહ્મ મધ્યમાં રહે છે. આ૦૫

ભજન

કંચન હીરો આવ્યોરે આવ્યો તો મેલ રૂપે સમાયોરેજી,
મેલ મગદળથી રૂપ થયું રૂપે થયો મોહકાર:
કાળ આગળ નહી બચેરે તેતો પડશે ચોરાશી મોઝાર. કંચન૦ ૧
રૂપ રંગમાં મોહી રહ્યો રૂપ રંગનો નાશ,
નાશ તારી કયારે કાયાથી છુટી કયા સમાઇશ. કંચન૦ ૨
ધુળ ખાઇને ધંધાને ધાયો ધીક તારૂ જીવ્યું,
મનુષ્યાદેહ તારો એળે ગયો,
ગયુ કાંઇ ના રહ્યું જુઠી માયામાં ફસાયોરે તારી તો આગળ
જમ વસીઓ. કંચન૦ ૩
મુરખ જયારે મરવા બેઠો સુતો સોડ તાણી અહંકાર મદમાં ફસી રહ્યો,
ફરતો જગતમાં જાણી હાય હાય કરતો ચાલ્યોરે મુવો તરેલાં તાંણી. કં૦ ૪
સાહેબ કુબેર ગુરૂના ચરણુમાં રહી દાસ કેશવ બોલ્યા વાણી

એ વાણી અંતર વૃત્તિએ ચીંતવી અનુભવે લીધો સાર,
જે સાર વસ્તુ ગ્રહણ કરશેરે તેની તો જીવન મુક્તિ થશે. કંચન૦ ૫

ભજન

ચોરાંસી ઘાટની કેદમાં લુટયો મહા બળાત્કારે છુટયો હોજી,
સંત સેવા તમે કરી લ્યોની ભાઇ ક્ષુના તો બક્ષીશ થાય હોજી ચો૦ ૧
આવીને આ દેહમાં સમાયા નારી સંગે લુંટાયો હોજી;
મારૂં મારૂં કરી માયાને ધાયો અંતે નથી તારી કાયારે હોજી. ચો૦ ૨
કર્મ કાન્ડના વહેવારમાં તો સોનું રૂપું જોઇ ફુલ્યો રેજી;
નુગરાને તો નાક નહિ વળી વળી નરકમાં ઝુલ્યો રેજી. ચો૦ ૩
અંધારૂં ફીટી અજવાળામાં આવ્યો છૈયાં છોકરાંઓ ધાયોરેજી;
એ સગાં વ્હાલાંની લાર લાગી. અંતરમાં જોયું જાગીરેજી. ચો૦ ૪
કયાંથી આવ્યો કયાં જાવુ તે નવ લીધો માર્ગ જાણીરેજી.
માયા પદાર્થનું નામ કાઢ્યું મુવો તરેલાં તાણીરેજી. ચો૦ ૫
મરવા જીવવાની કોઇને ખબર નથી શુંરે ફરે ફુલી જાતરેજી;
આ ભજન કરવાનો જુવાની ચાલી આગળ અંધારી રાતરેજી. ચો૦ ૬
ચેતવુ હોય તો ચેતી લેજોરે શાને લગાડો તમે વારરેજી;
ધન દોલતને માલ ખજાના અંતે નથી તારૂ તલ ભારરેજી. ચો૦ ૭
ધણીનો જ્યારે હુકમ થાશે ત્યારે, જમ જંજીરા દેસેરેજી,
દશે દરવાજા બંધ કરશે, ઘેરી મોગરીઓ માર પડશેરેજી. ચો૦ ૮
ભુંડ થઇ અરાઢુ ચરતો, સુરી મ્હાંતે મરતો રેજી;
જેને ગુરૂ શબ્દ થી તાળી લાગી, તેણે ધણીએ લીધો વાળીરેજી. ચો૦૯
પથ્થર ઉપર ના ઠરે પાણી તેમ ચેતન લેજો જાણીરેજી;
ગુરૂ ચરણમાં દાસ કેશવ બોલ્યા તમે જગતમાં લેજો જાણીરેજી ચો૦ ૧૦

ભજન

આસંસાર સંસે ભરેલો રહયો, ઓસંતોભાઇરેક્રીયામણુથી જીવબ ધાઇગયો, ૧
પંડીત પુરાણી પોથાં વાચે દુનિયાં સાંભળી વ્રત કરે,
ઘાંણીની સંગે બળદ બંધાયા ભાઇરે, ફેરા ખાઇને થાકી મરીયો ઓ૦ ૨
માત પીતા ગુરૂની સેવા મુકાવી. બ્રાહ્મણુની વડ્યારળી પુજાવી,
વંઝયા ગાયને ધાતુરે મુકયું ભાઇરે આંચળ ઝાલીને પસ્તાયો ઓ૦ ૩
દશ અવતારનું મુળ નવ જાણ્યુ નામે ભજાવીને માર્યો
ચેતન મુકીને અચેત પુજાવી ભાઇ રે છતે દીવે અંધારામાં કુટાયો ઓ૦ ૪
પોતાના આત્માનું ઘર ના જાણે મુવા બાપની સાખ લઇ માને
બીન દેખે જીવને જાપ જપાવે ભાઇરે ઝાંઝવાને નીર શાંન્તી ન થાએ ઓ૦ ૫
દાશ કેશવ બોલ્યા વાણી રૂપ સ્વરૂપમાં વસ્તુ જાણી
કથ નાકથનીમાં કુટાઇ મરો અક્ષરથી ન્યારો ધણી રહ્યો ઓ૦ ૬
સાચા ગુરૂનો ભેદ ના પાયો જયાં ત્યાં રહીને લુંટાયો
ગુરૂ કુબેર ચરણુમાં દાશ કેશવ બોલ્યા, અનભે વસ્તુ ઘર પાયો ઓ૦ ૭

ભજન

પરદેશીનો પંથ ન્યારો, તમે સત ગુરૂને પરખી ચાલો. પરદેશી ૧
બાલ પણુમાં ધાવણુથી ઉતર્યો, જુવાનીમાં થયો કુતરો રે;
મરતાં સુધી મમતા ન મુકી, જીવતાં તે જરખ કહેવાયોરે પરદેશી ૨
સંસાર સુખમા ફુલીને ફરતો, મોહમાયા રૂપમાં રમતો રે
સોને રૂપે તારી કાયા મઢી ફરતો, જીવતો ગધેડો કહેવાયોરે પરદેશી ૩
સાધુ સંગમાં ઘડી ના બેઠો, જંગલી જેવો કહેવાયોરે
આખા જંગલમાં એક સંદેશરો ઉગ્યોરે. તેનું ફળ ખાઇ કોઇએ ના
સંભાળ્યો રે પરદેશી ૪
પુણ્યના માર્ગે પૈસા ના વાપર્યો સ્વારથનું કામ કીધુરે;

ફોગટ પાણીનો માલ ખાઇ બેઠા, જીવતાં રોઝ કહેવાયોરે પરદેશી ૫
મુવા પછી તારી શી ગતી થાશે, દુનીયા કેવો જશ આપશેરે
આ મનુષ્યદેહ આવી આત્મા ના ઓળખ્યો,જીવતાં તે ભુંડ કહેવાયોરે ૬
દાંતનો સ્વાદ તે ચાલ્યો ગયોરે, નેત્રમાં ઝાંખ વળી જાયરે
કારણ દેવના તો દાખડા દેવાયા, આંધળાયા કરણનો અવતાર કહેવાયો ૭
પોતાના કર્મથી મરતો અવતરતો, વાસનામાં અવતાર ધરતોરે,
ઋતુ ઋતુના ધણીએ મેવા ખવડાવ્યા, તેને કેમ વીસારોરે પરદેશી ૮
મૂળ સ્વરૂપે વસ્તુ ઓળખી લીધી, તેતો કેવલરૂપે કહેવાયોરે
ટોક ટોકના ધણીએ મેવા ખવડાવ્યા પેલા મુરખને થડીયાગે ભારોરે પ૦ ૦
સાહેબ કુવેર ગુરૂએ કૃપા કરી ત્યારે અંતર સુકી પાઇરે,
કેશવ દાસની ભ્રમણા ભાગી, અખંડ સ્વરૂપમાં માલેરે પરદેશી ૧૦

ભજન

પ્રભાતીયું–પદ–૧

એ પાછલી રાતનો મરઘો બોલીયો, પ્રાણી શું ઉંઘી રહ્યો
જાગીને તારૂં આપ તપાસ; માથે કાળ ટાંપી રહ્યો. પા૦ ૧
અમુલ્ય મનુષ્ય દેહ તુજને આપીયો, આ તો શું રે કમાયો:
સુકૃત સાધન ના કરી લીધું, અંતે ખાલી મુઠ ગયો, પા૦ ૨
ફટફટ મુરખ પ્રાણીયા, મોહ માયા મતમાં શું મચીયો,
સંત શેવામાં જે નવ રહ્યો, મીથ્યા જન્મ તેના ગયો. પા૦ ૩
ક્યાંથી આવ્યો અંતે ક્યાં જાયે, આગળ દેશ અંધારીઓ,
ગુરુ શબ્દે દીવો કરી લ્યો, મારગ તપાસી જોઇ લ્યો, પા૦ ૪
કર્તાની નોકરીમાં વિશ્ણુ રહ્યા, જગતમાં પૂજાયા,
શીવ સંહાર પોતે ધ્યાનમાં રહ્યા બ્રહ્મા માયા જોઇ ભરમાયા. પા૦ ૫
અકર્તાના સંકલ્પથી ત્રણ દેવ થયા, પોતે પોતાનાં નામ ધરીયાં,

છ શાસ્ત્ર અઢાર પુરાણમાં, જાહેર નામ લખીયા. પા૦ ૬
વારંવાર જેણે અવતાર ધરીય, ઘાટ પાષાણે પૂજયા,
પાઠ પૂજામાં ચૌદે લોક ભરમાયા, પાષાણમાંજી મરીયા પા૦ ૭
જપ તપ તીરથ મોક્ષ લેવા ગયા, ઝાંઝવાંને નીરે શાંન્તી નવ થયા.
મૃગના તનમાં કસ્તુરી, વનમાં અથડાઇ મરીયા, પા૦ ૮
સાચા તે સતગુરૂ જેણે શોધી જાણ્યા. તેનાં તે કારજ સરીયાં,
આત્મતત્ત્વ વ્યાસ ચીની ગયા,જ્યારે નારદ ગુરૂ મળીયા. પા૦ ૯
જીવતાં ના જોયુ મોક્ષ ઘર, પાછળ રોઇ રોઇ મરે,
બાવન અક્ષરથી જેણે બહાર નીશ્ચે કર્યો, જીવતાં અરૂપ સ્વરૂપ
માં સમાયો. પાછલી ૧૦
ચારે વેદીયાયે મત કરી તાંણ્યા, ખલકના કર્તા નવ જાણ્યા.
તેનાસંગી વાગોળ ઘુવડ આંધળુ ચામચીડીયું,તેણે સુર્ય ન જાણ્યો પા૦૧૧
વેદ, સાંખ્ય પાતંજલી બ્રહ્મ ના દર્શાવી રહ્યા અટકી,
કર્તાનું કૃત વૈખરી વાણી જોઇ વરીયા,બ્રહ્મબ્રહ્મમાં કુટાય મરીયા.પા૦૧૨
સાધુ થયા ઘટમાં અધારાં નવ ગયા, ચોપડાંમાં પ્રવીણ થયા,
વંચક દીવા આગળ ધર્યો, પાછળ અંધારે કુટાય. પા૦ ૧૩
જેના અતઃકરણથી સુરતાયે દીવો કરીયો, ઘટમાં અજવાળાં થયાં,
ગુરૂ કુબેર ચરણમાં દાસ કેશવ બોલ્યા. અનભે રાજ મલ્યું. પા૦ ૧૪

ભજન

પ્રભાતીયું પદ ૨

મરકટ મન તારૂં મુકી દેજો સંતોની સેવા કરી લેજો રે.
મનુષ્યા દેહ તારો મીથ્યા જાયે એળે જન્મ ગુમાઇ રે, મરકી ૧
પાછલી રાતનો મરઘો બોલ્યો. એ પ્રાણી શું ઉંઘી રહ્યો, મરકી ૨
જાગીને તારા રૂપે થાની, એ જોને તારુ મડી રે, મરકી ૩

એ પંચ તત્ત્વ ગોળી તપાસી લેજો, એ મહીં તારૂ રેડી લેજો. મ૦ ૪
હે મન રવૈયો કરી લેજો, ચીત ફુલડાં પરવી લેજોરે. મરકી ૫
હેરથીર શાન્તીનાં બાંધણાં બાંધી લેજોરે,એ નેનનેત્રો પરોવી લેજો.મ૦૬
હેલે હાલકે નેત્રાં ણુંચી લેજો, એ ધમકે શ્વાસે ઘેરી જોજો, મ૦ ૭
તારણ તોરણ ટેક તાવણીએ તાવજો, આત્મા ઘ્રત કરી લેજોરે: મ૦ ૮
તનમન સુરતા ટેર ઉપર રાખજો,એસ્વરૂપઅરૂપમાં પરોવી લેજોરે મ૦ ૯
સુરી અસુરી માયા ત્યાગી રહેજો,એન્હે અક્ષર નેહઅરમાં રહેજોરે મ૦૧૦
આત્મા સાધકએસો કરી લેજો,એ કાઇ અગ્નિને ડાઘો ના કહેજો મ૦ ૧૧
ગુરૂ કુવેર ચરણમાં દાસ કેશવ બોલ્યા,અનુભવ તાળાં ખોલ્યાં રે. મ૦ ૧૨

ભજન

હરે આ કાયા નગરનો ચરખો, કોઇ ઘડનારાતે નીરખો;
કોઇ પારખ હોયે તો પરખો, જેને બનાવ્યો અનઘડ ચરખોરેજી. આ૦
ભાંડ ભવૈયાનું ધરા કપટી તેના સંગમાં ફરતો
એના સંગમાં મુકતી ના થાય, જન્મ ચોરાશી ફરતો. આ કાયા ૨
સંસાર સુખ તમે સ્વપ્નું જાણો સત માર્ગે ચાલો
બાહેર ભીતર જુવો તપાસી, તરવેણી ઘાટમાં ફરતો આ કાયા ૩
દશ દાંમણી મન સંગે બધો. ઓહંગ સોહંગ એકતા રે:
ગુરૂ સબ્દકા અંજન કરી લ્યો, જીવન મુકતા ફરતો, આ કાયા ૪
એ ચરખામાં રહી નીરખી લેજા એનો ફેરવનારો કોઇ ન્યારો
આવતા જતા નજ નહી દેખતું શુન મહેલમાં રહી પરખો આ કાયા ૫
આ લટકો તારો ફરી નહી આવે શબ્દ લે આત્મ ધટકો.
શબ્દે શબ્દે ચઢીને નીરખો, અખંડ સ્વરૂપને પરખો, આકાયા ૬
સાહેબ કુંવેર ગુરૂ ના ચરણમાં રહી દાસ કેશવ બોલ્યા નીરખી;
મનકા ગુટકા સમાલ કર નીરખો નેન સુરતાયે પરખો આ કાયા ૭

ભજન (હોરી પદ ૧)

આનંદ હોરી ખેલન કર આઇ,તેરા જન્મ મરણ મીટ જાઇ.ટેક૦
પાંચ તત્વકી ઉડત પીચકારી, ઉલટ સુલટ સબ સંસારી;
અંતર ઘટમાં ભયા ઉજીયારા, લાગી ગગનપર તાળી. આ૦
દમ પલાણ ધરૂ જ્ઞાન ઘોડે ચઢુ, સતગુરુ શબ્દે લગામ;
ફરતા ફરાવું સુન મ. આનંદ૦
જ્ઞાનગરીમાં આ કરવો, તરવેણી ઘાટમાં નહાવું;
તો સબ જુઠી બાજી જાણું,મારા ધણી સાથે મોજ માનું.આ૦
હોરી તો હ્રુદયમાં ખેલું, આ તો હોરી સબ જુઠી;
ગુરૂ કુબેરચરણમાં દાસ કેશવ બોલ્યા નિર્ભય હોરી તપાઇ. આ૦

ભજન (હોરી પદ ૨)

અખંડ હોરી ખેલો ઘટમાંહી, તારી મનુષ્યાદેહમાં મુકિત હોઇ. ટેક
પાંચતત્વકી ઉડત પીચકારી, રાતી ધોળી લીલી પીળી કાળી;
રંગ રોળમાં રહી શું રોળાયો, ધીક તારી મનુષ્યાદેહી. અ
જ્ઞાનની ગેડી કરી લ્યો, મીલે મીલેટ કર બાંધી;
ભવનબજારમાં રહી ખેલી લ્યો હોરી, તેમાં લ્યો ટપ્પા મારી. અ
હિંમત હથીયાર બાંધી લો જાણી મનકી દોરી લ્યો તાણી;
દશ ઇદ્રીની એક ગેડી કરી લો, ટપ્પો મારી લ્યો નિહાળી. અ
ગેડી ઝાલીને ટપ્પો મારી, રૂપ અરુપમાં મીલાઇ;
મરવા અવતરવાની ઘાંટીરે ટારી, ગુરૂ કુબેરચરણની બલીહારી. અ
સુકૃતસાધન કરી લ્યો ભાઇ, આ મનુષ્યા દેહની માંહી,
ગુરૂ કુબેરચરણમાં દાસ કેશવ, બોલ્યા અખંડ હોરી તપાઇ. અ

ભજન (હોરી પદ ૩)

હોરી તું તો માયામાં ખેલેછે હયાહોરી,તારી મોક્ષગતીને લે ખોળી.
પાંચ તત્વકી ઉડત પીચકારી, ઉલટ સુલટ સબ મ ડી;
આમહેલ માટીકો બન્યો આદેહી,તું તોબાવનઅક્ષરથી બારલેખોળી
ઉંધે મસ્તકે જઠરામાં તપીઓ, આવ્યો નિ કાર રૂપે;
અનેક જન્મનો ગીંધેલો તુ પ્રાણી, તારી અ . આંખે જો ખો.
મારૂં મારૂં કરી ધંધાને ધાયો, મહેલ ગીચે સમાયો;
અલ્યા મોટમપણામાં જાણે મરવુંરે નથી,ઓચીંતો લે કાળ ખો
ભજન સ્મરણની સીધી દોરી, તે કર્મકાન્ડ નાંખ્યાં તોડી;
ગુરૂ કુવેરચરણમાં દાસ કેશવ બોલ્યા,આશા લાંબી ટૂંકી દો

ભજન.

ઓ પ્રપંચી નર પ્રાણીરે, જુઓને એક એકની કરણીરે
સાચા ગુરૂજીના ભેદ ના મળે, લાલચીયો કુતરો લાલચમાં
વગે ભોજણ વગે દે દાનરે, ધણીને તો નથી અજાણ. ઓ
વ્યાસના મનને જ્ઞાન લેવાનો ઉમંગ થયો, સામ વેદમાંથી
બંન્યો ને શાસ્ત્રો ર
તેમાં જોયું નોય મોક્ષગતી નાથઇ રે, નારદ ગુરુ મલ્યા
આત્મ વસ્તુ પાઇરે. ઓ
સતજુગ દ્વાપરમાં ત્રેતાજુગમાં ભકત કહેવાયા, ગુરૂસંત
શેવાકરી આત્મા લક્ષથી મુકત થ
સંસારમાં રહી ત્યાગ ભકિત કરીરે; તેની તો ભકત મ
લખાઇ રે ઓ૦ ૩